No. of Printed Pages : 4

**FGT-01**

**BDP/BCA/BTS**

00065

**Term-End Examination**

**December, 2014**

# FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ 8 પ્રશ્નો આપવામાં આવ્યા છે અને બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

---

**1.** નીચેના વિષયોમાંથી ગમે તે *એક* વિષય પર નિબંધ લખો : *8*

(a) તમારી મનપસંદ ગુજરાતી સાહિત્યકૃતિ

(b) બાળશિક્ષણની પદ્ધતિઓ

(c) સાહિત્ય અને સંસ્કૃતિ

(d) માનવજીવનમાં પર્યાવરણનું સ્થાન

**2.** નીચેનામાંથી કોઈપણ *ચાર* પ્રશ્નોના જવાબ આપો : *8*

(a) 'અખંડ હિન્દુસ્તાનના હિમાયતી' તરીકે આપણે કઈ કઈ વાતો ભારપૂર્વક કહીએ છીએ ?

(b) લેખકે ગુલબ્બોને કેવી રીતે ઓળખી ?

(c) કાચના વાસણમાં શુદ્ધ પાણી કેમ રાખી શકાતું નથી ?

(d) વ્યક્તિને મળતા હક્કની સાચી સાર્થકતા શામાં છે ? કઈ રીતે ?

(e) અનુવાદકમાં કઈ બે બાબતોની સજજતા હોવી જરૂરી છે ?

(f) ખાંડણિયામાં માથું હોવાનું કાળુ શા માટે માને છે ?

**3.** (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ વાપરી ખાલી જગા પૂરો : *4*

(i) બંધારણની 17મી કલમ પ્રમાણે ________ નિષિદ્ધ છે અને તે આચરનાર દંડને પાત્ર બને છે. (અસ્પૃશ્યતાનું આચરણ, સ્ત્રીઓનું શોષણ, બાળકોને મજૂરીએ રાખવાં તે)

(ii) અન્ય ભાષાનું ઝડપી શિક્ષણ હવે ________ ની મદદથી આપી શકાય છે. (પાઠ્યપુસ્તક, જ્ઞાનકોશ, ટેકનોલોજી)

(iii) ________ ને આધુનિક રસાયણવિજ્ઞાનના પિતા ગણવામાં આવે છે. (રોબર્ટ બોઇલ, રોબર્ટ હૂક, ગ્લોબર)

(iv) વાયુમોજું મુખપથનાં પોલાણોમાં અવરોધાયા વિના માત્ર કંપાયમાન થઈને બહાર આવે ત્યારે ________ નું નિર્માણ થાય છે. (વ્યંજન, સ્વર, સિસકારો)

(b) રૂઢિપ્રયોગની સામે તેનો અર્થ લખો : *4*

| | |
|---|---|
| (i) છાતી ફૂલવી | (A) ભારે ઉચાટ થવો |
| (ii) આંખમાં ધૂળ નાખવી | (B) નાની વાતને મોટું રૂપ આપવું |
| (iii) જીવ પડીકે બંધાવો | (C) ગર્વ થવો |
| (iv) રજનું ગજ થવું | (D) છેતરવું |

4. નીચેનામાંથી ગમે તે *બે* વિષે ટૂંકનોંધ લખો : *6*

(a) માતૃભાષાનો મહિમા

(b) લોકસાહિત્ય

(c) આધુનિક સમાજ

5. નીચેના વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તેમને ફરીથી લખો : *4*

(a) કોઈપણ કાદવમા દેશ થઈને જાતને ઊંચી પોતાની લાવી શકતો નથી.

(b) ચોરાનું ગ્રામજીવનમાંથી લુપ્ત સ્થાન પામ્યું છે થવા.

(c) ભારતીય શબ્દશક્તિનો ખૂબ સંસ્કાર પરંપરામાં મહિમા છે.

(d) મનુષ્યનો વનસ્પતિ-વૃક્ષ પ્રાચીનકાળથી સાથે રહયો છે નાડીપ્રાણસંબંધ.

6. નીચે અવતરણચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલા ખાનામાં ખરાની નિશાની કરીને દર્શાવો : *4*

(a) "મારા પગ વાઢી લીધા હોત તો આ દશામાં ઘેર જવું તો નો પડત !"

(i) દલુચંદ

(ii) હેતી

(iii) શકરી

(b) "મહારાજનો સ્વભાવ બહુ સારો."

(i) નાયક

(ii) નાયિકા

(iii) રેવાશંકર

(c) "યે કૌન તેરા બેટા હૈ ? ઔર યે તેરા આદમી ?"

(i) નાયક

(ii) અમૂલો

(iii) રામપ્રસાદ

(d) "ધિક્ પડયો એ અવતાર ને ધિક્ પડયું એ જીવવુંય."

(i) રાજુ

(ii) કાળુ

(iii) શેઠ

**7.** (a) અદ્રોહ એટલે શું ? અદ્રોહની સાધનાને લેખક અહિંસાની સાધના શા માટે કહે છે ?

(b) ઘેર પહોંચવા માટે રાઈએ કલ્યાણકામના રથની સહાય કેમ ન લીધી ? *6*

**8.** નીચેનાં કથનો સમજાવો : *6*

(a) 'પેલાં કે'નારે ખરું જ કહ્યું છે કે, 'રામ ! તારી કેવી ગતિ, તે કુણ કમાય કોની વતી ?'

(b) 'ચંડી, પ્રસન્ન થાઓ !'

(c) 'આપ યહાં ! બરસોંકે બાદ !'

---